# પ્રાંતિજ જૈન શ્વેતાંબર સમાજ દ્વારા પાલીતાણા મુકામે બનેલ અનિચ્છનીય ઘટનાનો વિરોધ કર્યો

## પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યુ



પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે રહેતા જૈન શ્વેતાંબર સમાજ દ્વારા પાલીતાણા મા બનેલ અનિચ્છનીય બનાવના વિરોધ માં પ્રાંતિજ ખાતે વિરોધ વ્યક્ત કરી બાઈક રેલીયોજી આવેદનપત્ર પત્ર આપ્યુ.

જૈનોના મહાતીર્થ ગણતા પાલીતાણા તીર્થધામ દેરાસર માં બિરાજમાન ભગવાન ના ચરણ પાદુકા ને ખંડિત કરી ને કોઈક ઈસમો દ્વારા શત્રુંજય તીર્થધામ ની ઓફિસ મા તોડ ફોડ કરી , સીસી ટીવી ના કેમેરાઓને નુકસાન કરી ને નશીલા પદાર્થો નુ સેવન કરીને તમાકુની પડીકીઓ ખાઈ ને આમતેમ થુંકનાર વ્યક્તિઓ ઓને પકડી ને જેલ ભેગો કરવા માંગ કરી મહાન તીર્થ સમા પાલિતાણા શત્રુંજય પર્વતની રક્ષા થાય તે માટે પ્રાંતિજ જૈન સમાજ દ્વારા પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી ને આવેદનપત્ર આપ્યુ હતુ જેમા પ્રાંતિજ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સકલ સંઘ દ્વારા પ્રાંતિજ લાલદરવાજા ખાતે આવેલ શ્રી ધર્મનાથ જીનાલય પાસે પ્રાંતિજ ના ધર્મપ્રિય જૈન સમાજ ના ભાઈ-બહેનો એકત્રિત થયા હતા અને સુત્રોચ્ચાર કરીને પાલીતાણા મુકામે બનેલ અધરીત ધટના ના વિરોધ કર્યો હતો બાઈક રેલી યોજીને પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત આવેદનપત્ર આપ્યુ હતુ અને કડક મા કડક સજા થાય તેવી માંગ કરી હતી.

# ધાનેરા ઈન્ડેંન દ્વારા સેફ્ટી ક્લિનિકનું આયોજન કરાયું




ધાનેરા તા.૨૨

ધાનેરા ની ઉપવેદ સ્કૂલ ઓફ સાયન્સમાં ધાનેરા ઈન્ડેંન દ્વારા એલ.પી.જી.સેફ્ટી ક્લિનિક નું આયોજન કરવામાં આવ્યું.

ધાનેરા ઈન્ડેંનના રમેશભાઈ ઠક્કરે ઉપવેદ સ્કૂલ ની ધોરણ ૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓ ને ગેસ સલામતી ને લગતી તમામ બાબતો ઉપર આજે માર્ગદર્શન આપ્યું હતું.

ગેસ સિલિન્ડર વિદ્યાર્થીનીઓ ના બુકિંગ થી લઈને સિલિન્ડરની ડિલિવરી લેતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તથા લીકેજ ની સ્થિતિ માં કઈ રીતે સાવધાની રાખવી તેનું સંપૂર્ણ માર્ગદર્શન પ્રેક્ટિકલ સાથે આપેલ ત્યારબાદ ઈન્ડિયન ઓઈલ કંપની દ્વારા ૧૦ કિલો વાળો કંપોઝીટ સિલિન્ડર ના ફાયદા વિષે પણ માહિતી આપેલ કાર્યક્રમ માં પ્રેક્ટિકલ માં હિંમત દાખવવા બદલ ૩ વિદ્યાર્થીનીઓને અપ્રોન ની ગિફ્ટ આપવામાં આવી હતી.

# અરવલ્લીના વાર્તાકારનો બીજો વાર્તા સંગ્રહ પ્રગટ

## સાહિત્ય પ્રેમીઓએ વાર્તા સંગ્રહને હર્ષથી વધાવ્યો




બાયડ, તા.૨૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કોકાપુર ગામના નિવૃત્ત શિક્ષક અને પ્રસિદ્ધ વાર્તાકાર ચંદ્રકાન્ત સોનીનો બીજો વાર્તા સંગ્રહ વમળના ઉંડાણ પ્રસિદ્ધ થતાં સાહિત્ય પ્રેમીઓએ હર્ષથી વધાવ્યો છે. વાર્તા સંગ્રહમાં આગવી શૈલીથી જુદી જુદી ૪૦ ટૂંકી વાર્તાઓનો સમાવેશ કરવામાં આવતાં અનેક વાર્તાકારોએ વાર્તા સંગ્રહની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી છે.

પ્રાપ્ત જાણકારી મુજબ જિલ્લાના જાણીતા વાર્તાકાર ચંદ્રકાન્ત સોનીનો અગાઉ પ્રથમ વાર્તા સંગ્રહ રડતી તસવીરો પ્રસિદ્ધ થયો તે સમયે વાર્તાઓની વૈવિધ્યતાએ સાહિત્ય રસિકોમાં ખુબ લોકચાહના જગાવી હતી. જિલ્લાના ગૌરવસમા વાર્તાકારે લઘુવાર્તાઓ થકી અલગ ચાહક વર્ગ ઉભો કર્યો છે જેમાં વિવિધ સાહિત્ય ગૃપની સાથે પ્રતિલીપી ઉપર તેમના વાચકો લાખોને આંબવા લાગ્યા છે દરમ્યાન વાર્તાકાર દ્વારા ફરીથી વમળના ઉંડાણ વાર્તા સંગ્રહ પ્રગટ કરવામાં આવતાં તેમની કલમ વાંચકોને ઝકળી રાખે તે પ્રકારની વાર્તાઓનો સમાવેશ કરવામાં આવતાં સાહિત્ય પ્રેમીઓએ હૃદયના ઉમળકાથી તેને વધાવી વાર્તાકારને અઢળક શુભેચ્છાઓ પાઠવી છે.



પાલનપુર નગરપાલિકા ખાતે ધારાસભ્ય અનિકેત ભાઇ ઠાકર શુભેચ્છા મુલાકાત લીધી હતી જેમાં નગરપાલિકાના પ્રમુખ કિરણબેન રાવલ ઉપપ્રમુખ હસમુખભાઈ પઢીયાર કારોબારી ચેરમેન દિપકભાઈ પટેલ તેમજ નગરપાલિકા ના સદસ્યઓ ચીફ ઓફિસર રૂડાભાઇ રબારી સાહેબ અને નગરપાલિકા સુપ્રિટેન્ડેન્ટ સંજય ભાઈ વ્યાસ નગરપાલિકાના તમામ અધિકારીઓ હાજર રહેલ અને શહેરના વિવિધ પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવેલ અને એવા તમામ પ્રશ્નો નો ઝડપી નિકાલ આવે તે રીતની કામગીરી કરવા આયોજન કરવામાં આવ્યું તેમજ ધારાસભ્ય અનિકેતભાઇ ઠાકરે સરકારમાં આ અંગે જે પણ કોઈ રજૂઆતો કરવાની હોય તે માટે પૂરતો સહકાર આપવાની ખાત્રી આપી હતી.

# આંબલીયારા પોલીસે સ્કોર્પિઓમાંથી ૧.૨૫ અને ધનસુરા પોલીસે ફોર્ચ્યુનરમાંથી ૪.૨૭ લાખનો શરાબ ઝડપ્યો



મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર દેશી-વિદેશી દારૂના વેપલા અને હેરાફેરી અટકાવવા શખ્ત કાર્યવાહી કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે આંબલીયારા પોલીસે અમરગઢ ગામ નજીક સ્કોર્પિઓ ગાડીમાંથી ૧.૨૫ લાખના દારૂ સાથે એક બુટલેગરને દબોચી લીધો હતો તેમજ ધનસુરા પોલીસે સીમલી ત્રણ રસ્તા પાસેથી ફોર્ચ્યુનર કારમાંથી ૪.૨૭ લાખનો દારૂ ઝડપી લીધો હતો.

આંબલીયારા પીએસઆઈ એસ.ડી.માળી અને તેમની ટીમે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતા ચોઈલા-અમરગઢ-રોડ પરથી સ્કોર્પીઓ કારમાં વિદેશી દારૂની ખેપ થતી હોવાની બાતમી મળતા સતર્ક બની અમરગઢ નજીક સ્કોર્પિઓને અટકાવવા જતા બુટલેગરે કાર ભગાડી મુકતા પોલીસે ફિલ્મીઢબે પીછો કરી અટકાવી ગાડીની તલાસી લેતા ગાડીમાંથી વિદેશી દારૂ-બિયર નંગ-૧૨૫૩૨૫/- નો જથ્થો જપ્ત કરી ચાલક ભરત રમેશ ઠાકોર (રહે,વાલેર-ધાનેરા,બનાસકાંઠા) ને દબોચી લઈ રૂ.૪.૨૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

ધનસુરા પોલીસને રાજસ્થાનમાંથી ફોર્ચ્યુનર કારમાં વિદેશી દારૂ ભરી માલપુર તરફથી ધનસુરા તરફ આવતી હોવાની બાતમી મળતા સતર્ક બની સીમલી ત્રણ રસ્તા પર વોચ ગોઠવાતા બાતમી આધારિત ફોર્ચ્યુનર કાર આવતા અટકાવવા જતા ગાડી દોડાવી મુકતા પોલીસે ફિલ્મીઢબે પીછો કરતા ફોર્ચ્યુનર કાર રોડ સાઈડમાં ઉતરી જતા ચાલક કાર રેઢિયાળી મૂકી રફુચક્કર થતા પોલીસે ગાડીમાંથી ૪.૨૭ લાખના દારૂ સાથે ૧૪.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ. ધરી છે

# ધનસુરા પેન્શન મંડળ દ્વારા અરવલ્લી જિલ્લાના મંત્રીનો સન્માન સમારંભ યોજાશે

ધનસુરા તા. ૨૨

તાજેતરમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી તેમાં પહેલીવાર ભાજપના ઉમેદવાર ભીખુ સી હ પરમાર જંગી મતે વિજય થયા હતા સરકારમાં તેમને રાજ્યકક્ષાના સહકાર મંત્રી તરીકે પસંદગી થતો તેમનો સરકાર સમારંભ ધનસુરા તાલુકા પેન્શન મંડળ દ્વારા તારીખ ૨૫ રવિવારના રોજ જે એસ મહેતા હાઈસ્કૂલ ખાતે રાખેલ છે સમગ્ર ગુજરાતમાં પેન્શન ડે ની ઉજવણી થઈ રહી છે ત્યારે ધનસુરા ખાતે ઉજવણી સાથે મંત્રીશ્રીનો સન્માન સમારંભ રાખેલ છે મંત્રી શ્રી પહેલીવાર ધનસુરા મો આવનાર છે ત્યારે ધનસુરા ના કેટલાક પ્રશ્નો બાકી પડેલ છે રેલવે ક્યારે શરૂ કરવા નર્મદા કેનાલ નો લાભ ખેડૂતોને મળતો નથી જીઆઈડીસી વગેરે રજૂઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

## રાજસ્થાનમાં પ્રસ્થાપિત ડેમનો વિરોધ આગળ વધ્યો

# ખેડબ્રહ્મા-પોશીનાના ૩૦ થી વધુ ખેડૂત આગેવાનો ડેમનો વિરોધ કરવા રાજસ્થાન પહોંચ્યા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૧

સાબરકાંઠાની સરહદને પેલે પાર રાજસ્થાનમાં નિર્માણ થનાર બુઝા અને ચક સાંઢમારીયા ડેમનો વિરોધ આગળ વધ્યો છે. ખેડબ્રહ્મા પ્રાંત કચેરી આગળ ડેમના વિરોધમાં સ્થાનિક ૫૦૦ થી વધુ ખેડૂતોએ હલ્લાબોલ કર્યા પછી ખેડબ્રહ્મા, પોશીના તાલુકાના ૩૦ થી વધુ ખેડૂત આગેવાનો મંગળવારે રાજસ્થાનના ચક સાંઢમારીયા ડેમના નિર્માણ સ્થળે પહોંચ્યા હતા અને ત્યાં વિરોધ દર્શાવી ડેમનો પ્રોજેક્ટ રોકવા માંગ કરી છે.

રાજસ્થાનમાં સરકાર દ્વારા સાબરમતી અને શેઈ નદી ઉપર બે મોટા ડેમનો પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો ત્યારથી રાજસ્થાનમાં તેનો વિરોધ ઉભો થયા પછી ડેમની વિપરીત અસરો ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં થઈ શકે તેમ હોવાથી આદિવાસી ખેડૂતોમાં ડેમના વિરોધનો સૂર ઉઠ્યો છે. ડેમના નિર્માણથી ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં આવતું પાણી બંધ થવાથી સિંચાઈના પાણીની ગંભીર કટોકટી ઉભી થઈ શકે તેમ હોવાથી ડેમનું નિર્માણ કામ અટકાવવા માટે આદિવાસી હિત રક્ષક સેના મેદાનમાં આવી છે. તાજેતરમાં ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના ૫૦૦ થી પણ વધુ ખેડૂતોએ ડેમના વિરોધમાં ખેડબ્રહ્મા પ્રાંત કચેરીમાં ઉમટી આવેદનપત્ર આપ્યા બાદ તા.૨૦ના રોજ આદિવાસી હિત રક્ષક સેનાના નેજા હેઠળ ૩૦ થી પણ વધુ ખેડૂતોએ રાજસ્થાન પહોંચી ડેમનો વિરોધ દર્શાવ્યાની વિગતો બહાર આવી છે. આ વિસ્તારના સામાજીક કાર્યકર અને આદિવાસી હિતરક્ષક સેના સાથે જોડાયેલા દિલીપ પારધીએ જણાવ્યું હતું કે ડેમના નિર્માણથી સ્થાનિક આદિવાસીઓ ઉપરાંત ઉત્તર ગુજરાત મેજ અમદાવાદની જીવાદોરી સમાન ધરોઈ ડેમને પણ તેની માઠી અસર થઈ શકે તેમ હોવાની સાથે સૌથી વધુ નુક્સાન ખેડબ્રહ્મા, પોશીનાના સરહદી ગામોના ખેડૂતોને થાય તેમ હોવાથી વિરોધ દર્શાવવા માટે ખેડૂત આગેવાનોએ ચક સાંઢમારીયા નિર્માણાધિન ડેમના સ્થળે સૂત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યાનું જણાવ્યું હતું. રાજસ્થાનમાં પણ ડેમનો ખેડૂતોએ શરુઆતથી વિરોધ કર્યા પછી ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં ખેડૂતોએ પણ તેનો વિરોધ દર્શાવ્યો છે ત્યારે રાજ્ય સરકાર ખેડૂતોના હિતમાં રાજસ્થાન સરકાર સાથે વાટાઘાટો કરી ડેમનું નિર્માણ કામ અટકાવે તેવી માંગ આ વિસ્તારના ખેડૂતોમાંથી ઉઠી છે.

**નિર્માણાધિન ચક સાંઢમારીયા ડેમ સ્થળે રાજસ્થાન-ગુજરાતના ખેડૂતોનો હલ્લોબાલ**

## ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો વર્તાતા

# શિયાળા દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેતા એકંદરે ઠંડક ઓછી વર્તાઈ

**હવે વાદળો વિખેરાતા પારો ૪ થી ૪ ડિગ્રી સુધી ગગડવાની પ્રબળ શક્યતા : હવે ઠંડીનો યોગ,શિયાળો લંબાશે : ફેબ્રુઆરી માસના અંતિમ તબક્કા સુધી શીત લહેરો અનુભવાશે... : લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી નીચે જવાની શક્યતાઓ,મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૭ થી ૮ ડિગ્રી સુધી ગગડશે તેવી પ્રબળ શક્યતાઓ**



ભિલોડા, તા.૨૨

સાબરકાંઠા - અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા-મેઘરજ તાલુકામાં ભરશિયાળે ઉનાળા જેવો માહોલ વાદળછાયા વાતાવરણ વચ્ચે સર્જાયો હતો.ગ્લોબલ વોર્મીગની વિપરીત અસરો વર્તાતા વાતાવરણમાં આવેલા અચાનક પલટાના કારણે છેલ્લા કેટલાક દિવસોથી ઉનાળા જેવો માહોલ સર્જાયો હતો.વહેલી સવારે અને રાત્રી દરમિયાન ઠંડીનો અહેસાસ થઈ રહ્યો હતો.વાતાવરણ બદલાતા લઘુત્તમ તાપમાનનો પારો એકા-એક ગગડતા ઠંડીનો ચમકારો તેજગતિએ ધીમે ધીમે આગળ વધી રહ્યો છે.

ચોમાસાની સિઝન દરમિયાન પાછોતરો વરસાદ સરેરાશ ૧૦૦ ટકાથી વધુ વરસ્યો છે પરંતુ ઠંડીની સિઝન બરાબર હજુ જામી નથી? વાદળછાયુ વાતાવરણ દરમિયાન ઠંડક ઓછી રહેતા ખેડૂતો ચિંતાતૂર હતા.આગામી સમયમાં ઠંડીનો ચમકારો તેજગતિએ વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.પવનની લહેર શરૂ થતા વાતાવરણમાં એકંદરે ઠંડક વધી છે.શિયાળાની શરૂઆત મોડી શરૂ થઈ છે ત્યારે અત્રે ઉલ્લેખનિય છે કે, શિયાળો પણ ફેબ્રુઆરી માસના અંત સુધી લંબાશે તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ઠંડીનો ચમકારો ધીમે ધીમે સમગ્ર વિસ્તારમાં વધતા ઠંડીનો અહેસાસ દિવસે - દિવસે વધશે તેવી દહેશત સેવાઈ રહી છે.ડિસેમ્બર માસના અંતિમ તબક્કામાં ૩૧મી ડિસેમ્બરની આસપાસ કોલ્ડવેવની પ્રબળ શક્યતાઓ છે.આગામી સમયમાં ગાત્રો થીજવતી ઠંડી નું પ્રમાણ વધશે,રવિ પાકોને ફાયદો થશે,મબલખ ઉત્પાદન થશે તેવી આશા ખેડૂતોએ વ્યક્ત કરી હતી.ચોમાસા દરમિયાન સાર્વત્રિક મેધમહેર ના કારણે આ વર્ષે ભુગર્ભ જળસપાટી વધતા સિંચાઈના પાણીનો પ્રશ્ન હલ થતા વિવિધ પાકોનું વાવેતર વધ્યું છે. ધઉં, ચણા, જીરૂ, વરીયાળી, બટાકા, રાયડો સહિત વિવિધ પાકોને અનુકુળ રીતે માફકસર ઠંડી પડે તેવી ખેડૂતો આશા સેવી રહ્યા છે.

# અરવલ્લી : હીટ એન્ડ રનની ઘટનામાં વાવડીના આશાસ્પદ યુવાનનું મોત

## માલપુર રાસાપુર ચોકડી નજીક કારે બાઈકને ટક્કર મારી

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં માલપુર તાલુકાની રાસાપુર ચોકડી નજીક બેફામ ગતિએ પસાર થતી કારે બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક સવાર વાવડીના આશાસ્પદ યુવાનનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માતના પગલે દોડી આવેલ માલપુર પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાર ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા મૃતક યુવકના પરિવારજનોએ હૈયાફાટ રૂદન કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી મૃતક યુવક બીકેટીએસ સેવા ટ્રસ્ટનો કાર્યકર



હોવાથી મોટી સંખ્યામાં ટ્રસ્ટના હોદ્દેદારો અને કાર્યકરો ઉમટ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર,માલપુર તાલુકાના વાવડી ગામનો મનીષ ઉર્ફે મનુભાઈ ધુળાભાઈ ખાંટ નામનો યુવક બાઈક લઈ કામકાજ અર્થે રાસાપૂર ચોકડી નજીક પસાર થતા પુરપાટ ઝડપે આવતી અર્ટિગા કારના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક સવાર યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર પ્રાણપંખેરું ઉડી ગયું હતું અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ માલપુર પોલીસને જાણ કરતા પોલીસ તાબડતોડ પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી